**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૮૫ ટકા

# શ્રીજીની મૂર્તિઓમાં પણ મોંઘવારી!!

## નગરના બજારમાં શ્રીજીની મૂર્તિના તગડા દામ : રૂપિયા ૧૦૦ થી લઈ ૭૦૦૦ સુધીનો ભાવ




ગાંધીનગર, તા.૩૧

પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થયો પિતા શિવજીએ વિદાય લીધી છે અને પુત્ર ગણેશજી હવે ઘરે ઘરે પધારશે. આવતીકાલે ગણેશચતુર્થી છે. શહેરમાં વિવિધ જગ્યાએ તથા ઘણા બધા ઘરોમાં ગણપતિજી પધારશે. શહેરમાં ગણેશોત્સવની તૈયારી ધામધૂમથી થઈ રહી છે. વિવિધ જગ્યાએ ગણપતિજીની મૂર્તિનું વેચાણ થઈ રહ્યું છે. ઈકો ફ્રેન્ડલી, માટીની અને પીઓપીની મૂર્તિ શહેરના બજારમાં ૧૦૦ રૂપિયાથી ૭૦૦૦ રૂપિયા સુધીમાં વેચાય છે.

શ્રાવણ માસની પૂર્ણાહૂતિ થઈ છે અને હવે ગણેશચતુર્થી આવવાને આરે છે ત્યારે શહેરમાં વિવિધ સેકટરોમાં તથા ઘરે ઘરે ગણેશોત્સવની તૈયારી થઈ રહી છે. દોઢ દિવસ, ત્રણ દિવસ, પાંચ કે દસ દિવસ અનુકુળતા મુજબ શહેરીજનો ગણપતિ બાપાની પધરામણી કરશે. શહેરના બજારોમાં ગણપતિની મૂર્તિ વેચાણમાં છે જેમાં ખાસ માટીની ઈકોફ્રેન્ડલી મૂર્તિ વધુ વેચાય છે. જેનો ભાવ પીઓપીની મૂર્તિ કરતા વધુ છે પરંતુ આ મૂર્તિની વિશેષતા એ છે કે તેને પાણીમાં રાખતા જ થોડીવારમાં તે માટી સ્વરૂપે ઓગળી જાય છે જેનું વિસર્જન ઘરમાં પણ કરી શકાય છે.

બજારમાં મળતી વિવિધ ઈકો ફ્રેન્લી મૂર્તિ રૂ. ૧૦૦થી લઈ રૂપિયા ૭૦૦૦ સુધીમાં વેચાય છે. આ ઉપરાંત કલર વગરની મૂર્તિ રૂ. ૩૦૦થી રૂ. ૧૧૦૦માં તથા સાઈઝ અને ડેકોરેશન મુજબ અલગ અલગ ભાવમાં મૂર્તિ વેચાણમાં છે.

# દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર સર્વતોમુખી સ્પર્ધામાં પ્રથમ સ્થાને







ગાંધીનગર, તા.૩૧

શહેરની હિલવુડ્સ શાળામાં છાત્રોની સર્વતોમુખી પ્રતિભા મૂલવવાના પ્રયાસ રૂપે એક દિવસીય ઉત્સવ ઉજવાઈ ગયો જેમાં કુલ ૯ શાળાઓએ ભાગ લીધો હતો.

આ ઉત્સવમાં 'સીનર્જી' સ્પર્ધા દ્વારા વકતૃત્વ કલા, 'મેથજીઓ' અંતર્ગત મેથ્સ ઈન એરથમેટીકસ અને જીયોગ્રાફી મોડલ મેકીંગ સ્પર્ધા, 'ટેકનો બઝ' અંતર્ગત 'એનીમેટ્રોનિકસ', 'યંગ બેંકર્સ' થીમ અંતર્ગત 'બેકિંગ ક્ષેત્રમાં થતા તાજેતરના ફેરફારનો ચિતાર', 'યંગ થીંકર્સ' અંતર્ગત 'પાણી બચાવો' અને 'એકવા રોબોટીકસ' વિષય પર મોડેલ મેકિંગ, હિન્દી વાદ વિવાદ પ્રતિયોગિતામાં 'કેરિયર કે રૂપ મેં રાજનીતિ એક વિકલ્પ' વિષય પર પક્ષ વિપક્ષમાં ચર્ચા, 'કલામંથન' અંતર્ગત સંસ્કૃત, એકલ ગીત, 'પાણી બચાવો' થીમ પર ચિત્ર સ્પર્ધા, કુકીંગ વિધાઉટ ફાયર અંતર્ગત વાનગી સ્પર્ધા અને સમૂહ નૃત્ય આમ વિવિધ ૧૦ જેટલી સ્પર્ધાઓમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના વિવિધ ૪૨ છાત્રાઓ ભાગ લીધો હતો અને દરેકે દરેક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીનો 'ઓવરઓલ ટ્રોફી' પ્રથમ ક્રમાંકે પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

શિક્ષકો અને છાત્રોની આ વિશિષ્ટ સિધ્ધિ બદલ આચાર્ય અતનુ રથે અભિનંદન પાઠવ્યા હતા.





## ચાણકય કિડસ સ્કુલ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન

ચાણકય કિડસ સ્કુલ સેકટર-૨-સી ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈકો ફ્રેન્ડલી ગણેશ ઘઉંના લોટમાંથી બનાવવામાં આવ્યા હતા. ગણેશજીને પાણીમાં વિસર્જન કરવાથી જડ જીવને આહાર મળી રહે તેવા ઉમદા સુવિચારથી ગણેશજીની પ્રતિમા ઘઉંમાંથી બનાવીને તેનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થીની નાના ભુલકાઓએ ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

# શહેરમાં વાઈરલ ફીવરના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૩૧

ચોમાસાની ગંદકી બાદ મચ્છરોનો ઉપદ્રવ વધતા નગરમાં વાઈરલ ફીવરના દર્દીઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. નગરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. શહેરમાં મેલેરીયા, ટાઈફોઈડ, ડેન્ગ્યુ, કમળો, ઝાડા-ઉલ્ટી, તાવ, શરદી-ઉધરસ સહિત માથામાં દુખાવાના દર્દીઓ વધી રહ્યા છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં દર્દીઓની લાંબી લાઈનો નજરે પડે છે તો બીજી તરફ નગરના ખાનગી કલીનીકો મોડી રાત સુધી ધમધમી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સિઝન બાદ કાદવ-કિચડ અને અસહ્ય ગંદકીથી મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. તો બીજી તરફ નગરમાં પાણી ડહોળુ આવવાની પણ વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. જેને પગલે પાણીજન્ય તેમજ મચ્છરજન્ય રોગચાળાએ શહેરનો ભરડો લીધો છે. નાના બાળકથી લઈને મોટા વડીલો પણ વાઈરલ ફીવરમાં સપડાયા છે. વાઈરલ ફીવરમાં તાવ આવવો, શરદી-ઉધરસ, માથું દુખવુ, માથુ ભારે લાગવું, પેટમાં



દુખાવો, ગળામાં દુખાવો તેમજ શરીરમાં થાક અનુભવવો સહિતની સમસ્યાઓ દર્દીઓને સતાવી રહી છે. ઘરે ઘરે દર્દીઓ જોવા મળી રહ્યા છે. વાઈરલ ફીવર સહિત મેલેરીયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, કમળો, ઝાડા-ઉલ્ટીના કેસ પણ સતત વધી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં મેલેરીયાના ૨૪ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. શહેરના ખાનગી કલીનીકમાં મોડી રાત સુધી દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. જયારે સિવિલના વોર્ડમાં વાઈરલ દર્દીઓથી ભરાયેલો જોવા મળે છે. ત્યારે વાઈરલ સિવાય પણ ડેન્ગ્યુ, ચિકનગુનીયા, કમળો, સહિતના રોગ પણ નગરમાં માથુ ઉંચકી રહ્યા છે. ત્યારે નગરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને કાબુમાં કરવા માટે આરોગ્ય વિભાગની ટીમ કામે લાગી ગઈ છે. નગરમાં ગંદકીના સ્થળો પર દવાનો છંટકાવ કામગીરી ચાલી રહી છે. નગરમાં રોગચાળાને કાબુમાં કરવા માટે તંત્ર પણ ખડેપગે તૈયાર થઈને ઉભુ છે.




**આજે કેવડાત્રીજ...** પતિ માટે મહિલાઓ દ્વારા કરાતા કેવડાત્રીજના વ્રત નિમિત્તે શહેરમાં કેવડા અને છાબડી સાથે વિવિધ પૂજાપાની સામગ્રી બજારમાં વેચાઈ રહી છે.


# વૈરાગી વીર : આજના માણસનું વિસ્મયતીર્થ

ગાંધીનગર, તા.૩૧

પર્યુષણ પર્વના છઠ્ઠા દિવસે સેકટર-૨૨માં બિરાજમાન જૈનાચાર્યશ્રી ઉદયવલ્લભસૂરિજીએ જણાવ્યું હતું કે વૈરાગ્ય અને વાત્સલ્યથી પોતાના અને સર્વના કલ્યાણમાં સક્રિય બનવું જોઈએ.

વર્ધમાનકુમારની દીક્ષાની વાતનું કલ્પસૂત્રમાં વર્ણન આવે ત્યારે વિસ્મયભાવથી ઘેરાઈ જવાય. શરીરબળ, દિવ્યરૂપ, ખીલતું યૌવન, રાજકુળ, અપાર ઋષિ, પહોળો રાજમહેલ, બહોળો સેવકવર્ગ, ગજબની લોકપ્રિયતા, પનોની પુણ્યાઈ અને આ બધું એક સામટું હોવા

જૈનાચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિ મ.સા.



પર્યુષણ પર્વ

છતાં તેનો ત્યાગ શા માટે?

ભૌતિકતાની ટોચ પર બેસવા મથી રહેલા માણસને આથી મોટું વિસ્મય જોવા જાણવા ન મળી શકે. વાત આખી નાશવંત અને અવિનાશી વચ્ચેની છે. હાથમાં આવીને જતા રહેનારા, ગમે ત્યારે ઘટી જનારા, છેવટે મૃત્યુ પછી તો કેરી ફોરવર્ડ, નહીં જ થનાર ભૌતિક સામગ્રીની મર્યાદા જેણે સમજી લીધી હોય તેને સામે છેડે અવિનાશી આત્માના સર્વોચ્ચ, સદાકાલીન ગુણવૈભવના ઊંચા મેરિટસ દેખાય છે. આ દષ્ટિનો ઉઘાડ જૂજ છે પણ જયાં થાય ત્યાં ભૌતિકતાનો ત્યાગ સહજ હોય છે.

ભગવાન મહાવીર સામે આત્મવૈભવના પ્રાગટય સાથે વિશ્વ કલ્યાણના રાજપથનું સપનું સાકાર કરવાની તક પણ હતી. શારીરિક બળને સહિષ્ણુતાથી વસુલ કરી, વૈભવને ત્યાગથી વસૂલી, પનોની પુણ્યાઈને લોકકલ્યાણમાં વાપરી જાણનારા મોક્ષપથના વટેમાર્ગુ વીરની વીરતા અને મહાવીરતાના દર્શન તેની વિરલ વૈરાગ્ય અને નિષ્કામ કરૂણામાં થાય છે. વૈરાગ્ય અને વાત્સલ્યથી પોતાના અને સર્વના કલ્યાણમાં સક્રિય થઈએ.



સે-૭ સ્થિત ડિવાઈન યોગ અને નેચરોપેથી સેન્ટર દ્વારા ચ-૩ના સર્કલ પાસે છ દિવસ સુધી ૧૭ જડીબુટ્ટીઓમાંથી બનાવેલ આરોગ્યવર્ધક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ દરરોજ ૧૦૦૦થી વધુ નગરજનોએ લીધો હતો. આ કાર્યમાં ગાંધીનગરના યોગ ગુરુ કાનજીભાઈ તથા જૈમિન વેદ્યનો પૂરતો ફાળો રહ્યો હતો.

## આજે ગાંધીનગરમાં

**ધાર્મિક**

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ દેરાસર ખાતે સવારે ૮.૪૫ કલાકે કલ્પસૂત્ર વાંચન યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા ભારતીબાપુની વ્યાસપીઠે બપોરે ૩ થી ૬ દરમિયાન ગિરીશભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૫, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે યોજાશે.

**સામાજીક અને સાંસ્કૃતિક**

● રાષ્ટ્રીય કુંભાર મહાસભાનો સન્માન સમારોહ સવારે ૯ કલાકે સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યોજાશે.

**બેસણું**

સ્વ. રમણલાલ ભીખાલાલ જયસ્વાલનું બેસણું તા. ૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક, બલરામ મંદિર પરિસર, સે-૧૨ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે આવતીકાલે મસા ભગંદરનો નિદાન કેમ્પ યોજાશે

વૈદ્ય પંચકર્મ, સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેકટર-૨૨ ગાંધીનગર ખાતે તા.૨ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન મસા-ભગંદરના નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં લાભ લેવા નગરજનોને આયુર્વેદ હોસ્પિટલ, સેકટર-૨૨ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક ૨જી સપ્ટેમ્બરના રોજ સોમવારે પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને બપોરના સાડા ચાર કલાકે સે-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં અગત્યના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે તો સભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓને હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## કોબા ગ્રામ પંચાયત ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

કોબા ગ્રામ પંચાયત દ્વારા કોબા રાષ્ટ્રીય સેવા યોજના લૉ યુનિવર્સિટી તથા ગ્રામજનોના સહયોગથી કોબા ગ્રામ પંચાયત ખાતે તા. ૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● સાહો
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● મિશન મંગલ
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● બાટલા હાઉસ
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● સાહો
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● મિશન મંગલ
૯.૩૦

● બાટલા હાઉસ
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● સાહો
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● મિશન મંગલ
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● બાટલા હાઉસ
૧.૩૦, ૭.૩૦

**સિટી પલ્સ કુડાસણ**

● સાહો
૧૦.૩૦, ૧૧.૪૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૫.૩૦, ૬.૪૫, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

● મિશન મંગલ
૨.૦૦, ૧૦.૦૦

● બાટલા હાઉસ
૪.૩૦

● ચાલ જીવી લઈએ
૧૧.૩૦ સવારે

● ચાસની (ગુજરાતી)
૭.૧૫ સાંજે

## જયોતિ મહિલા મંડળ દ્વારા બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

સાર્વજનિક ગણેશોત્સવ અંતર્ગત જયોતિ મહિલા મંડળ દ્વારા વિવિધ સ્પર્ધા તા. ૫ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે યોજાશે. વિવિધ સ્પર્ધા જેમ કે હલ્દીકંકુ, ભજન સ્પર્ધા, ફુલદાની શણગાર, મોદક સ્પર્ધામાં ભાગ લેવા શહેરની બહેનોએ સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચ દ્વારા જણાવાયું છે.

## મંગળવારે ઋષિ પંચમી નિમિત્તે પેથાપુરથી શોભાયાત્રા નીકળશે

ગાંધીનગર, તા.૩૧

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઋષિ પંચમી નિમિત્તે તા. ૩ સપ્ટેમ્બરના રોજ પૂજ્ય ઋષિબાપાની શોભાયાત્રા પેથાપુર ઋષિવાસથી બપોરે ૨ કલાકે નીકળશે. સંસ્થાના પ્રમુખ ગજેન્દ્રભાઈ વાઘેલા દ્વારા સમગ્ર વાલ્મિકી સમાજના ભાઈઓ-બહેનોને પધારવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. વિઠ્ઠલભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૮૨
- સ્વ. સોલંકી લલાજી અમુજી, ઉ.વ. ૫૫
- સ્વ. શ્રીમાળી મધુસુદન નારણભાઈ, ઉ.વ. ૭૩
- સ્વ. જાની ભાનુબેન ઈન્દ્રવદન, ઉ.વ. ૭૧
- સ્વ. શારદાબેન નગીનદાસ શાહ, ઉ.વ. ૭૮
- સ્વ. ઠાકોર હિરાબેન હિરાજી, ઉ.વ. ૮૦
- સ્વ. પટેલ રેખાબેન રણછોડભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. દેસાઈ કરમશીભાઈ હરજીભાઈ, ઉ.વ. ૭૧
- સ્વ. શાન્તાબેન અમૃતલાલ મોદી, ઉ.વ. ૮૦